# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧ ગાંધીનગર

રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા પરીક્ષા (NTSE)

પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (PSE-SSE)

પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા (DRAWING)

## નોટીસ (Notice)

ક્રમાંક:રાપબો/૨૦૧૮/20109-20188 તા:૨૦/૦૯/૨૦૧૮

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા, પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા અને પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્રો ભરાવવામાં આવેલ હતા.

આ પરીક્ષામાં કોઇ વિદ્યાર્થી પરીક્ષાથી વંચિત ના રહે તે હેતુથી રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષામાં ઓનલાઇન આવેદનપત્ર અને લેટ પરીક્ષા ફી ભરવા તથા પ્રાથમિક-માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા અને પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં લેટ પરીક્ષા ફી ભરવાની તારીખ નીચે મુજબ લંબાવવામાં આવેલ છે.

1. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા(એન.ટી.એસ.ઇ.) પરીક્ષામાં ઓનલાઇન આવેદનપત્રો તા:૧૪/૦૮/૨૦૧૮ થી તા:૧૫/૦૯/૨૦૧૮ દરમિયાન ભરાવવામાં આવેલ હતા. જે વિદ્યાર્થીઓએ આ સમયગાળામાં દરમિયાન ઓનલાઇન આવેદનપત્રો ભરેલ ના હોય તેવા વિદ્યાર્થીઓ તા:૨૧/૦૯/૨૦૧૮ થી તા:૨૬/૦૯/૨૦૧૮ (બપોરે ૧૪.00 કલાક) સુધી www.sebexam.org વેબસાઇટ પર ઓનલાઇન આવેદનપત્ર ભરી શકશે. આ વિદ્યાર્થીઓએ તા:૨૪/૦૯/૨૦૧૮ થી તા:૨૬/૦૯/૨૦૧૮ દરમિયાન કચેરી કામકાજના સમય દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ,સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર ખાતે રૂબરૂ નિયત લેટ ફી સાથે પરીક્ષા ફી ભરી આવેદનપત્રો રૂબરૂ જમા કરાવવાના રહેશે.

2. જે વિદ્યાર્થીઓએ તા:૧૪/૦૮/૨૦૧૮ થી તા:૧૫/૦૯/૨૦૧૮ દરમિયાન રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા(એન.ટી.એસ.ઇ.)ના ઓનલાઇન આવેદનપત્રો ભરેલ હોય પણ પરીક્ષા ફી ભરેલ ના હોય તેવા વિદ્યાર્થી તા:૨૪/૦૯/૨૦૧૮ થી તા:૨૬/૦૯/૨૦૧૮ દરમિયાન કચેરી કામકાજના સમય દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ,સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર ખાતે રૂબરૂ નિયત લેટ ફી સાથે પરીક્ષા ફી ભરી શકશે.

3. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૬ અને ધોરણ-૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે અનુક્રમે પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્રો તા:૦૬/૦૮/૨૦૧૮ થી તા:૦૪/૦૯/૨૦૧૮ ભરાવવામાં આવેલ હતા. આ સમયગાળામાં ઓનલાઇન

Scanned by CamScanner

આવેદનપત્રો ભરેલ હોય પણ પરીક્ષા ફી ભરેલ ના હોય તેવા વિદ્યાર્થી તા:૨૪/૦૯/૨૦૧૮ અને તા:૨૬/૦૯/૨૦૧૮ રોજ કચેરી કામકાજના સમય દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ,સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર ખાતે રૂબરૂ નિયત લેટ ફી સાથે પરીક્ષા ફી ભરી શકશે.

4. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્રો તા:૦૭/૦૮/૨૦૧૮ થી તા:૦૪/૦૯/૨૦૧૮ ભરાવવામાં આવેલ હતા. આ સમયગાળામાં ઓનલાઇન આવેદનપત્રો ભરેલ હોય પણ પરીક્ષા ફી ભરેલ ના હોય તેવા વિદ્યાર્થી તા:૨૪/૦૯/૨૦૧૮ અને તા:૨૬/૦૯/૨૦૧૮ રોજ કચેરી કામકાજના સમય દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ,સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર ખાતે રૂબરૂ નિયત લેટ ફી સાથે પરીક્ષા ફી ભરી શકશે.

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ:૨૦/૦૯/૨૦૧૮

➢ <u>નકલ રવાના અમલાર્થે</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

Scanned by CamScanner